
## 1. અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ આકૃતિ દ્વારા સમજાવો.

- અલિપ્ત અર્થતંત્ર એવું અર્થતંત્ર છે, જેમાં વિદેશ વેપારની કોઈ ભૂમિકા હોતી નથી. આવા અર્થતંત્રને અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. દેશમાંથી વસ્તુ, સેવા કે સાધનોની નિકાસ કે વિદેશમાંથી આયાત થતી નથી. અલિપ્ત અર્થતંત્ર સ્વ-નિર્ભર હોય છે.
- રાષ્ટ્રીય આવકનો ચક્રાકારે પ્રવાહ સમજવા અર્થતંત્રને બે વિશાળ ક્ષેત્રોમાં વહેંચવામાં આવે છે : (1) ધંધાદારી પેઢીઓ અને (2) સાધનના માલિકો એટલે કુટુંબો.
- પેઢીઓ ઉત્પાદન માટે જરૂરી સાધનો જમીન, મૂડી, શ્રમ કુટુંબો પાસેથી ખરીદી ઉત્પાદન કરે છે અને સાધનોના ઉપયોગ બદલ કુટુંબોને ભાડું, વેતન, વ્યાજ, નફારૂપે વળતર ચૂકવે છે. આમ, પ્રથમ નાણાંનો પ્રવાહ પેઢીઓ તરફથી કુટુંબો તરફ આવે છે.
- પેઢીઓ જે ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે તેને વેચાણ માટે બજારમાં મૂકે છે. બજારમાંથી કુટુંબ આ ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદી પૈકીનોને નાણાં ચૂકવે છે. આમ, નાણાંનો પ્રવાહ કુટુંબોમાંથી ફરી પાછો પેઢીઓ તરફ ખાવે છે.




- આ નાણાંનો ઉપયોગ કરી પેઢીઓ સાધનો ખરીદી ફરીથી ઉત્પાદન કરી કુટુંબોને ચુકવણી કરે છે અને કુટુંબો વસ્તુઓ અને સેવાઓની બજારમાંથી ખરીદી કરી પેઢીઓને ચુકવણી કરે છે.
- પેઢીઓથી કુટુંબો તરફ અને કુટુંબોથી પેઢીઓ તરફ સતત વહેતા રહેતા નાણાંના આ પ્રવાહને રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ કહેવામાં આવે છે, જે અર્થતંત્રને સતત ધબકતું રાખે છે.

## 2. બેવડી ગણતરીનો અર્થ સમજાવી બેવડી ગણતરી દૂર કરવાના ઉપાયો ચર્ચો?

- જ્યારે રાષ્ટ્રીય આવક-પેદાશની ગણતરીમાં કોઈ એક વસ્તુનું મુલ્ય એક કરતાં વધારે વખત ગણવામાં આવે ત્યારે તે બેવડી ગણતરી કહેવાય છે.

- બેવડી ગણતરીને કારણે રાષ્ટ્રીય આવક કૃત્રિમ રીતે ઊંચી આવે છે. તેથી ઉત્પાદનની રીતે રાષ્ટ્રીય પેદાશની ગણતરી કરતી વખતે આવી બેવડી ગણતરીથી બચવું જોઈએ. જો રાષ્ટ્રીય આવક - પેદાશની ગણતરીમાં વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલ લોખંડ અને તેમાંથી બનેલ યંત્રો એમ બંને વસ્તુઓનું નાણાકીય મૂલ્ય ગણવામાં આવે, તો તે બેવડી ગણતરી છે. કારણ કે, યંત્રોના મૂલ્યમાં લોખંડનું મૂલ્ય સમાયેલું છે.
- બેવડી ગણતરી નીચેની બે રીતે દૂર કરી શકાય છે :

  1. અંતિમ વસ્તુનું મૂલ્ય ગણીને અંતિમ વસ્તુના નાણાકીય મુલ્યને જ ગણવામાં આવે.

  2. મૂલ્યવૃદ્ધિ ગણીને ઉત્પાદનના જુદા જુદા તબક્કામાં વસ્તુનું નાણાકીય મૂલ્ય વધે છે. આવું મૂલ્ય જુદું તારવીને તેના સરવાળાને વસ્તુનું નાણાકીય મૂલ્ય લેવામાં આવે.
- મૂલ્યવૃદ્ધિની પદ્ધતિ ઉદાહરણની મદદથી સ્પષ્ટ કરીએ :

| ઉત્પાદનના તબબ્કા | વેચાણ આવક(rsમાં) | સાધન ખર્ચ(rsમાં) | મૂલ્યવૃદ્ધિ(rsમાં) |
|---|---|---|---|
| લોખંડ | 1000 | 0 | 1000 |
| યંત્રસામગ્રી | 2000 | 1000 | 1000 |
| યંત્ર | 2500 | 2000 | 500 |
| કુલ | 5500 | 3000 | 2500 |

- એક કારખાનામાં રૂ. 1000નું લોખંડ ખરીદવામાં આવે તેમાંથી રૂ. 2000ની યંત્રસામગ્રી બને અને શું 2000ની યંત્રસામગ્રીમાંથી રૂ. 2500નું યંત્ર બને છે. તેથી રાષ્ટ્રીય પેદાશમાં ? (1000 + 2000 + 2500 =) 5500નું મૂલ્ય ગણવામાં આવે તો બેવડી ગણતરી થાય છે. કારણ કે, લોખંડ એ યંત્રસામગ્રી અને મંત્ર બંનેમાં સમાયેલું છે. પરિણામે લોખંડનું મૂલ્ય ત્રણ વાર ગણાય છે.
- આમ, ગણતરી બેવડાય છે. પરંતુ જો તબક્કાવાર મૂલ્ય ગણવામાં આવે, તો રૂ. 1000 લોખંડ રૂ. 1000 યંત્રસામગ્રી રૂ. 500 યંત્ર એમ કુલ રૂ. 2500નો મૂલ્ય વધારો રાષ્ટ્રીય પેદાશની ગણતરીમાં ધ્યાનમાં લઈએ તો બેવડી ગણતરી થતી નથી.
- ઉપરના ઉદાહરણમાં તંત્રના ઉત્પાદનમાં વપરાયેલ સાધન ખર્ચ શૂન્ય બતાવ્યું છે, કારણ કે લોખંડ જે અગાઉના વર્ષની રાષ્ટ્રીય પેદાશમાં ગણતરીમાં લેવાયેલું છે,

### 3. GNP અને NNP તફાવત આપો :

| | GNP | NNP |
|---|---|---|
| 1 | વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને GNP કહે છે. | વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યમાંથી ઘસારો બાદ કરતાં જે શેષ વધે તેને NNP કહે છે. |
| 2 | GDPમાં વિદેશમાંથી મળતી ચોખ્ખી આવક ઉમેરતાં GNP મળે છે. અર્થાત GNP = GDP+ વિદેશી ચોખ્ખી આવક | GNPમાંથી મૂડી ઘસારો બાદ કરતાં NNP મળે છે. અર્થાત્ NNP = GNP - ઘસારો |

4. GDP અને GNP તફાવત આપો :

| | GDP | GNP |
|---|---|---|
| 1 | વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા ઉત્પન્ન થતી તૈયાર વસ્તુઓ અને સેવાઓના બજારમૂલ્યને GDP કહે છે. | વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને GNP કહે છે. |
| 2 | GDPમાં મુડી ઘસારો અને વિદેશી ચોખ્ખી આવકનો સમાવેશ થતો નથી. | GNPમાં મૂડી ઘસારાનો સમાવેશ થતો નથી, પરંતુ વિદેશી ચોખ્ખી આવકનો સમાવેશ થાય છે. અર્થાત GNP = GDP  વિદેશી ચોખ્ખી આવક |

5. રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

| | **રાષ્ટ્રીય આવક** | **રાષ્ટ્રીય પેદાશ** |
|---|---|---|
| 1 | વર્ષ દરમિયાન દેશના ઉત્પાદનમાં ઉત્પાદનનાં ચાર સાધનોના ઉપયોગ બદલ તેમને મળતી કુલ આવક એ રાષ્ટ્રીય આવક છે. | વર્ષ દરમિયાન ઉત્પાદનનાંસાધનોની મદદથી દેશનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં ઉત્પન્ન થતી અંતિમ (તૈયાર) વસ્તુઓ અને સેવાઓનું કુલ ઉત્પાદનમૂલ્ય રાષ્ટ્રીય પેદાશ છે. |
| 2 | રાષ્ટ્રીય આવક =ભાડું+વેતન+વ્યાજ+નફો | રાષ્ટ્રીયપેદાશ=ખેતી+ઉદ્યોગ+સેવાક્ષેત્રનું કુલ ઉત્પાદનમૂલ્ય |
| 3 | સરકારી કરવેરા હોય તો રાષ્ટ્રીય પેદાશથી ઓછી હોય છે. | સરકારી કરવેરા હોય તો રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવકથી વધુ હોય છે. |
| 4 | જો ઉત્પાદકોને સરકારી સબસિડી મળે તો, રાષ્ટ્રીય આવક રાષ્ટ્રીય પેદાશથી વધુ હોય છે. | જો ઉત્પાદકોને સરકારી સબસિડીઓ મળે તો, રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવક થી ઓછી હોય છે. |
| 5 | જો સરકારી હસ્તક્ષેપ કે વિદેશ વેપાર ન હોય, તો રાષ્ટ્રીય આવક = રાષ્ટ્રીય પેદાશ | વસ્તુઓ પર કરવેરા હોય અને વસ્તુઓની આયાત-નિકાસ થતી હોય, તો રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવક જુદી જુદી હોય છે. |

6. નાણાકીય આવક અને વાસ્તવિક આવક વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

| | **નાણાકીય આવક** | **વાસ્તવિક આવક** |
|---|---|---|
| 1 | વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુઓના બજારભાવો સાથે ગણતાં મળતી રાષ્ટ્રીય આવક નાણાકીય આવક કહેવાય છે. | વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુઓના પાયાના વર્ષના ભાવો (સ્થિર ભાવો) સાથે ગણતાં મળતી રાષ્ટ્રીય આવક વાસ્તવિક |

| | | |
|---|---|---|
| | | આવક ગણાય છે. |
| 2 | નાણાકીય આવક સાચી રાષ્ટ્રીય આવક નથી. | વાસ્તવિક આવક સાચી રાષ્ટ્રીય આવક છે. |
| 3 | ઉત્પાદન કરતાં ભાવવધારો વધુ હોય, તો નાણાકીય આવકનો વધારો વિશેષ જણાય છે. | વાસ્તવિક આવક ઉત્પાદનવૃદ્ધિનો સાચો વધારો દર્શાવે છે. |

## 7. તફાવત આપો : GDP અને NDP

| | GDP | NDP |
|---|---|---|
| 1 | વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા ઉત્પન્ન થતી તૈયાર વસ્તુઓ અને સેવાઓના બજાર મૂલ્યને GDP કહે છે. | વર્ષ દરમિયાન દેશની હદમાં દેશનાં અને વિદેશનાં સાધનો દ્વારા ઉત્પન્ન થતી તૈયાર વસ્તુઓ અને સેવાઓના બજારમૂલ્યમાંથી મૂડીસાધનોનો ઘસારો બાદ કરતાં જે શેષ વધે તેને NDP કહે છે. |
| 2 | મૂડીના ઘસારાનો સમાવેશ GDPમાં થાય છે. | મૂડીના ઘસારાનો સમાવેશ NDPમાં થતો નથી, એટલે કે NDP = GDP -ઘસારો |

## 8. તફાવત આપો : અલિપ્ત અર્થતંત્ર અને ખુલ્લું અર્થતંત્ર

| | અલિપ્ત અર્થતંત્ર | ખુલ્લું અર્થતંત્ર |
|---|---|---|
| 1 | અલિપ્ત અર્થતંત્રમાં વિદેશ વેપારની કોઈ ભૂમિકા હોતી નથી. | ખુલ્લા અર્થતંત્રમાં વિદેશ વેપારની ભૂમિકા હોય છે. |
| 2 | અલિપ્ત અર્થતંત્રમાં અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. | ખુલ્લા અર્થતંત્રમાં બીજા દેશો સાથે આયાત-નિકાસનાસંબંધો હોય છે. |
| 3 | અલિપ્ત અર્થતંત્ર સ્વાવલંબી એટલે કે સ્વનિર્ભર હોય છે. | ખુલ્લા અર્થતંત્રમાં અમુક કાર્યો સરકાર કરે છે. |